LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# અમદાવાદ જવું હવે થશે એકદમ આસાન

## ભાઈંદર-તલાસરી તબક્કાનું કોંક્રીટીકરણ પૂરું થવાને આરેઃ મે મહિનામાં ખુલ્લો મુકાશે હાઈવે

મુંબઈ: અમદાવાદ હાઈવે તરીકે પ્રસિદ્ધ બનેલા ભાઈંદરથી તલાસરી વચ્ચેના હાઈવેનું સમારકામ અને તેનું કોંક્રીટીકરણ મે મહિના સુધીમાં પૂરું થવાનું છે. તે અનુસાર એનએચઆઈએ આયોજન કર્યું છે. કુલ ૭૦૦ કરોડ રૂપિયાનો આ પ્રોજેક્ટ છે.

ચેન્નઈ-દિલ્હી નેશનલ હાઈવે ૪૮ હાઈવેનું નામ રાખવામાં આવ્યું છે. મુંબઈથી પુણેની દિશા તરફ જતો આ હાઈવે નવી મુંબઈ (થાણે-બેલાપુર માર્ગ), થાણેમાં ઘોડબંદર માર્ગથી ભાઈંદર નજીક વર્સોવા ખાડી ખાતેથી ફાઉન્ટન હોટેલ વિસ્તારથી આગળ વસઈ, વિરાર, પાલઘર, દહાણુ, સુરત, અમદાવાદ અને આગળ દિલ્હીમાં જાય છે. આથી જ મુંબઈમાં આ હાઈવેને અમદાવાદ હાઈવે એવું સંબોધન આપવામાં આવ્યું છે.

આ હાઈવને કોંક્રીટીકરણનું કામ એનએચએઆઈએ ગયા વર્ષે એપ્રિલમાં હાથ ધર્યું હતું.

જોકે કામની ગતિ ઓછી હોવાથી આ વિસ્તારમાં હંમેશાં ટ્રાફિક જૅમ રહેતો હતો. ફાઉન્ટન હોટેલથી દહાણુ સુધી જવા માટે અંદાજે સાડાત્રણ કલાક જેટલો સમય થતો હોય છે, પણ કાચબા ગતિથી ચાલતા કામને કારણે સાત કલાકનો સમય થઇ જતો હતો.

દરરોજ હજારો કંટેનર, ટ્રક અને કારથી ભરચક રહેતો આ હાઈવેને વરસાદમાં છ કલાક માટે બંધ કરવાનો વારો આવ્યો હતો. જોકે હવે આ કામ અંતિમ તબક્કામાં હોવાથી અમદાવાદ જવા માટે ઘણો સમય બચશે.

વાહનોની ભારે પ્રમાણમાં અવરજવર રહેતી હોવાથી અને ટ્રાફિક જૅમ થતો હોવાથી કામ કરવામાં વિલંબ થતો હતો. કુલ ૧૨૦ કિ.મી.ના માર્ગ પર કોંક્રીટીકરણ માટે ત્રણ યંત્ર પૂરતાં હતા, પણ અમે આ માટે છ યંત્રનો ઉપયોગ કર્યો હતો. મે મહિનાના અંત સુધીમાં કામ પૂરું થઇ જશે, એવું એનએચએઆઈના રિજનલ મેનેજરે જણાવ્યું હતું.

# ભંડોળના અભાવે જીવ સાથે રમતઃ ૧૦૦થી વધુ પુલ-સબવે બિસમાર હાલતમાં

મુંબઈ: મુંબઈમાં સોથી વધુ ફ્લાયઓવર, રાહદારી પુલ, સ્કાયવોક અને સબવે વગેરેની બિસમાર હાલત થઇ ગઇ હોવાથી તાત્કાલિક રીતે તેને રિપેરિંગ કરવાની જરૂર છે. ભંડોળને અભાવે આ કામ થંભી ગયા છે, પણ અહીં ચાલતા સમયે તે ક્યારેક જીવલેણ સાબિત થઇ શકે છે. આમાંથી આઠ બ્રિજ અતિજોખમી હોવાથી રાહદારી અને વાહનો માટે બંધ કરી દેવામાં આવ્યા છે. બાકીના પુલ અને સબવે છેલ્લાં ૨૦ વર્ષથી વધુ સમયથી રિપેરિંગની પ્રતીક્ષામાં છે.

મુંબઈ મહાપાલિકા ૨૦૨૪-૨૫માં રોડ, ટ્રાફિક અને પુલ વિભાગ માટે કુલ ૧૨.૯૭ હજાર કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. આમાં પુલોના કામ માટે ૭ હજાર કરોડ રૂપિયાનો ખર્ચ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આમાંના મોટા ભાગનું ભંડોળ નવાં કામ માટે મંજૂર કરવામાં આવ્યું છે. જોકે જૂના કામ માટે ભંડોળ જ ઉપલબ્ધ કરવામાં આવ્યું નથી. આને કારણે અનેક કામો રખડી પડ્યાં છે. પશ્ચિમ ઉપનગરમાં ૨૨૧ પૈકી ૨૨ રાહદારી પુલ, ફ્લાયઓવર, સ્કાયવોક વગેરે પાડીને તેને નવા બનાવવાની જરૂર છે. આમાં છ બાંધકામો પાડવામાં આવ્યાં છે અને પુલ પર વાહનોની અવરજવર બંધ કરવામાં આવી છે. ૬૩ પુલનું તાત્કાલિક રિપેરિંગ કરવું જરૂરી છે. આમાં ૨૮ ટકા કામ પૂરાં થયાં છે. આ ઉપરાંત ૯૮ પુલ, સ્કાયવોક અન્ય બાંધકામોમાં નજીવાં કામ કરવાની જરૂર છે. એ પૈકી ૪૫ ટકા કામ પૂરાં થઇ ગયાં છે.

### મહત્ત્વના પુલનાં રિપેરિંગ અને નવા પુલની જરૂર

અંધેરી પૂર્વ અને પશ્ચિમને જોડતા મહત્ત્વના ગોખલે પુલનું પહેલા તબક્કાનું કામ પૂરું થઇ ગયું છે. પુલનો આ ભાગ ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૨૪થી ટ્રાફિક માટે ખુલ્લો કરવામાં આવ્યો હતો. આ પુલને ઊભો કરવા માટે મહત્ત્વનો તબક્કો એટલે કે બીજા ગર્ડને ઊભું કરવાનું કામ પૂરું થઇ ગયું હોવથી બાકીનું કામ પણ નજીકના સમયમાં પૂરું કર્યા બાદ પશ્ચિમ તરફ જતા માર્ગને પણ એપ્રિલમાં ખુલ્લો મુકાશે. એ દરમિયાન ફરફીલા પુલની પણ વધુ એક બાજુ ખુલ્લી કરવામાં આવશે. ગોખલે પુલ શરૂ થયા બાદ માર્ચ સુધીમાં વિક્રોલી ફ્લાયઓવર પણ સેવામાં કાર્યરત થઇ જશે. આ પહેલાં ડિસેમ્બર ૨૦૨૪ સુધી આખા પુલનું કામ પૂરું થવાનું હતું.

### ક્યાં અને કયા શહેર?

ગ્રાન્ટરોડ ખાતે કેનેડી પુલ, મીઠી નદી પરનો વૈતરણા પુલ (જી ઉત્તર વિભાગ), તાનસા પાઈપલાઈન પુલ (જી ઉત્તર વિભાગ) અને માહિમ કોઝવે પુલ

### પશ્ચિમ ઉપનગર

બરફીવાલા પુલ અને શિવસેનાપ્રમુખ બાળાસાહેબ ઠાકરે પુલ

### પૂર્વ ઉપનગર

સાંતાક્રુઝ ચેમ્બુર લિંક રોડ ડબલ ડેકર પુલ, સાંતાક્રુઝ ચેમ્બુર લિંક રોડ પર કુર્લાની દિશા તરફનો રાહદારી પુલ, મુંબઈ-પુણે હાઈવે પરનો ગોવંડી પૂર્વ-પશ્ચિમ પુલ, પવઈ આરે કોલોનીનો જય ભીમનગર ખાતેનો રાહદારી પુલ, ભાંડુપ પશ્ચિમ તરફનો એ.જી. રોડ પરનો પુલ, મુલુંડ પશ્ચિમ તરફનો આસ્થા હોસ્પિટલ નજીકનો રાહદારી પુલ, મુલુંડ પશ્ચિમ તરફનો જનતા વિકાસનગર ખાતો નાળા પરનો પુલ અને કુર્લા પૂર્વ તરફનો નેહરુનગર નાળા પરનો પુલ.

# બેસ્ટની બસોના પાંચ વર્ષમાં ૮૩૪ અકસ્માત, ૮૮ જણે જીવ ખોયા

મુંબઈ: બેસ્ટ પ્રશાસને આરટીઆઈ એક્ટિવિસ્ટ અનિલ ગલગલીને આપેલી માહિતી મુજબ, છેલ્લા પાંચ વર્ષમાં બેસ્ટની બસના ૮૩૪ અકસ્માતો નોંધાયા છે અને ૮૮ લોકોએ જીવ ગુમાવ્યા છે. આ અકસ્માતોમાં મૃતક અને ઘાયલ નાગરિકોને ૪૨.૪૦ કરોડનું આર્થિક વળતર આપવામાં આવ્યું હોવાનું પણ જાણવા મળ્યું છે. જ્યારે આ સંબંધે ૧૪ કર્મચારીઓને છૂટા કરવામાં આવ્યા છે અને ૨૪ કર્મચારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

આરટીઆઈ કાર્યકર્તા અનિલ ગલગલીએ બેસ્ટ પ્રશાસનને છેલ્લા પાંચ વર્ષમાં થયેલા અકસ્માતો, જાનહાનિ અને નાણાકીય વળતર વિશે પૂછ્યું હતું.

બેસ્ટના સિનિયર ટ્રાન્સપોર્ટ ઓફિસર એગલ બેન્જામિને તેની વિગતવાર માહિતી આપી હતી. છેલ્લા પાંચ વર્ષમાં ૮૩૪ બેસ્ટ બસ અકસ્માતો થયા છે જેમાં બેસ્ટ અને ખાનગી કોન્ટ્રાક્ટરો સામેલ છે. બેસ્ટમાં ૩૫૨ અકસ્માતો છે જેમાં ૫૧ મૃત્યુ થયા છે. જ્યારે ખાનગી કોન્ટ્રાક્ટરોના ૪૮૨ અકસ્માતમાં ૩૭ લોકોના મોત થયા છે. વર્ષ ૨૦૨૨-૨૩ અને વર્ષ ૨૦૨૩-૨૪ દરેકમાં સૌથી વધુ ૨૧ મૃત્યુ નોંધાયા હતા.

છેલ્લા પાંચ વર્ષમાં મૃતકો અને ઘાયલોને ૪૨.૪૦ કરોડ રૂપિયાનું આર્થિક વળતર આપવામાં આવ્યું હતું અને ૪૯૪ કેસ હતા. વર્ષ ૨૦૨૨-૨૩માં ૧૦૭ કેસોમાં સૌથી વધુ વળતરની રકમ ૧૨.૪૦ કરોડ હતી. વર્ષ ૨૦૧૯-૨૦ માં ૯.૫૫ કરોડ, વર્ષ ૨૦૨૦-૨૧માં ૩.૪૪ કરોડ, વર્ષ ૨૦૨૧-૨૨માં ૯.૪૫ કરોડ, વર્ષ ૨૦૨૩-૨૪ માં ૭.૫૪ કરોડ વળતર આપવામાં આવ્યું હતું.

છેલ્લા ૫ વર્ષમાં જીવલેણ અકસ્માતોમાં કર્મચારીઓની બરતરફીની સંખ્યા ૧૨ છે અને બે કર્મચારીઓને વ્યક્તિગત ઈજાના કેસોમાં બરતરફ કરવામાં આવ્યા છે. અંગત ઈજાના કેસમાં ૨૪ કર્મચારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

રાજ્યના ટ્રાન્સપોર્ટ સેક્ટરને સુરક્ષિત, સુંદર અને ટકાઉ રાખવા માટે આગામી ત્રણ વર્ષમાં નવી ઈવી પોલિસીની જાહેરાત કરવા ઉપરાંત ૧૫ વર્ષ જૂના વાહનોને ભંગારમાં નાખવા, માર્ગ અકસ્માતો પર નજર રાખવા માટે એઆઈનો ઉપયોગ જેવા પગલાં લેવાની જરૂર છે. આ અંગે ગૂગલ સાથે કરાર હોવાથી તેનો ઉપયોગ કરવો જોઈએ.

# જયંત પાટીલને મહારાષ્ટ્રના વડાપદેથી હટાવાશે નહીં: એનસીપી (એસપી)

નાગપુરઃ રાજ્ય વિધાનસભાની ગયા વર્ષે આયોજિત ચૂંટણીમાં પાર્ટીના ખરાબ પ્રદર્શનને ધ્યાનમાં રાખીને મહારાષ્ટ્ર એકમના વડા જયંત પાટીલને બદલવાની માગણી પાર્ટીમાં ઊઠી રહી હોવાના અહેવાલોને 'પાયાવિહોણા' ગણાવીને એનસીપી(એસપી)એ સોમવારે તેને રદિયો આપ્યો હતો.

એનસીપી (એસપી)ના રાજ્ય એકમના પ્રવક્તા પ્રવીણ કુંટેએ એવો દાવો કર્યો હતો કે, મીડિયાના એક વર્ગમાં આવા અહેવાલો વહેતા કરવાનો હેતુ પાટીલની છબી ખરાબ કરવાનો હતો. એનસીપી (એસપી)એ ગયા વર્ષે નવેમ્બરમાં યોજાયેલી મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં તેના નબળા પ્રદર્શનની પૃષ્ઠભૂમિ પર ચર્ચા કરવા માટે ગયા અઠવાડિયે મુંબઈમાં બે દિવસની બેઠક યોજી હતી.

૨૮૮ સભ્યોની રાજ્ય વિધાનસભાની ચૂંટણીમાં પાર્ટીએ લગભગ ૯૦ ઉમેદવારો ઊભા રાખ્યા હતા અને તેમાંથી ફક્ત ૧૦ બેઠકો જીતી શકી હતી.

પાર્ટીના વડા શરદ પવાર, કાર્યકારી પ્રમુખ સુપ્રિયા સુળે અને રાજ્યના વડા જયંત પાટીલ બે દિવસની બેઠકમાં હાજર રહ્યા હતા.

કુંટેએ જણાવ્યું હતું કે, બેઠક પછી ઘણા મીડિયામાં પાર્ટીની બેઠકમાં જયંત પાટીલને તેમના પદ પરથી દૂર કરવાની માગણી કરવામાં આવી હોવાના 'પાયાવિહોણા' સમાચાર પ્રસારિત કરવામાં આવ્યા હતા.

તેમણે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, બે કે ત્રણ પક્ષના પદાધિકારીઓ સિવાય કોઈએ આ મુદ્દાને સ્પર્શ પણ કર્યો ન હતો.

કોઈ વ્યક્તિ મીડિયાના માધ્યમથી જાણી જોઈને જયંત પાટીલની વફાદાર છબીને ખરાબ કરવાનો પ્રયાસ કરી રહ્યું છે, એવો દાવો કુંટેએ કર્યો હતો. એનસીપી (એસપી) આવા 'ભ્રામક' અહેવાલોની નિંદા કરે છે, એમ તેમણે જણાવ્યું હતું. (પીટીઆઈ)

# કારચાલકે બાઇકને ટક્કર મારતા બે યુવતીનાં જીવ ગયાં

મુંબઈ: ગઇ કાલે પૂરપાટ ઝડપે જઈ રહેલી કારે ટુ-વ્હીલરને ટક્કર મારતાં બાઇક પર સવાર બે યુવતીઓનાં મોત થયા હતા. આ બંને યુવતીઓ કોલ સેન્ટરમાંથી નાઇટ શિફ્ટ કરીને ઘરે પરત ફરી રહી હતી ત્યારે તેમની બાઇકને કારે ટક્કર મારી હતી. જેમાં એક યુવતીનું ઘટનાસ્થળે જ મોત થયું હતું જ્યારે બીજીનું સારવાર દરમિયાન મોત થયું હતું. અકસ્માતમાં મૃત્યુ પામેલી યુવતીઓના નામ સંસ્કૃતિ ખોકલે (૨૨) અને અંજલિ પાંડે (૧૯) છે. સંસ્કૃતિ સવારે પોણા સાત વાગ્યાની વચ્ચે નાઇટ શિફ્ટ થયા બાદ અંજલિને બોનકોડે ગામમાં મૂકવા જતી હતી. તેઓ બોનકોડ નજીક વીરશૈવ સ્મશાનભૂમિ પાસે આવ્યા ત્યારે સામેથી પુરપાટ ઝડપે આવતી કારે તેઓને ટક્કર મારી હતી. અકસ્માત બાદ કાર ચાલક તેમને મદદ કર્યા વિના ભાગી છૂટ્યો હતો. જેમાં ટૂ-વ્હીલર ચાલક સંસ્કૃતિનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું જ્યારે અંજલિને લોકોએ હોસ્પિટલમાં દાખલ કરી હતી. પરંતુ સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું. પ્રાથમિક તપાસ મુજબ તેઓ વિરુદ્ધ દિશામાં ટૂ-વ્હીલર ચલાવી રહી હોવાનું સમજાય છે.

બોનકોડે ગામ તરફ જતા પામ બીચ રોડ પર એક સ્કોડા કારે યુવતીની ટૂ-વ્હીલરને ટક્કર મારી હતી. અકસ્માતમાં મૃત્યુ પામનાર યુવતીઓ તુર્ભે એમઆઈડીસીમાં નાઈટ શિફ્ટ પૂરી કરીને ઘરે જઈ રહ્યા હતા.

# સંવાદ તૂટ્યો, ગઠબંધન તૂટ્યું: સંજય રાઉત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રમાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીમાં એકલપંડે લડવાની જાહેરાત કર્યાના થોડા દિવસો બાદ શિવસેના (યુબીટી) પાર્ટીના નેતા સંજય રાઉતે સોમવારે કહ્યું હતું કે, જો કોઈપણ ગઠબંધનમાં ભાગીદારો વચ્ચે સંવાદ બંધ થાય તો તે ગઠબંધન સફળ થઈ શકે નહીં.

ભાગીદારો વચ્ચે સંવાદ જાળવી રાખવા માટે 'જવાબદાર નેતાઓ'ની નિમણૂંક કરવાની જરૂર છે અને કોંગ્રેસ, જે વિપક્ષી ઈન્ડિ ગઠબંધનનો સૌથી મોટો ઘટક છે, તેમણે આ ભૂમિકા નિભાવવી જોઈએ, એમ સંજય રાઉતે અહીં પત્રકારોને જણાવ્યું હતું.

તેમણે એમ પણ કહ્યું કે ગઠબંધનના ભાગીદારો સામે ચૂંટણી લડવામાં કંઈ ખોટું નથી, પરંતુ આવા કિસ્સાઓમાં કોઈપણ પક્ષે તેમના ભૂતપૂર્વ અથવા સંભવિત ભાવિ સાથીઓને 'ગદ્દાર' તરીકે ઓળખાવવા જોઈએ નહીં.

શનિવારે રાઉતે ગઠબંધનમાં સંબંધિત પક્ષોના કાર્યકરો માટે તકોનો અભાવ અને સંગઠનાત્મક વિકાસના અધિકારને એકલા લડવા માટેના મુખ્ય મુદ્દાઓ તરીકે ટાંક્યા હતા અને આને કારણે વિપક્ષી જૂથની એકતા પર પ્રશ્નાર્થ ઊભો થઈ રહ્યો છે.

રાજ્યસભાના સભ્યે રવિવારે ભારપૂર્વક જણાવ્યું હતું કે તેમનો પક્ષ સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીમાં પોતાનો આધાર મજબૂત કરવા માટે એકલપંડે લડવા માગે છે અને તેમણે ક્યારેય વિપક્ષી ઈન્ડિ ગઠબંધન અથવા મહા વિકાસ આઘાડી (એમવીએ)ને વિખેરી નાખવાની વાત કરી નથી, આ ગઠબંધનમાં ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની શિવસેના (યુબીટી), કોંગ્રેસ અને શરદ પવારની એનસીપી (એસપી)નો સમાવેશ થાય છે.

સોમવારે ઈન્ડિ ગઠબંધન વિશે બોલતાં રાઉતે કહ્યું હતું કે, 'આ દેશના રાજકીય પટલ પર આગળ વધવાની આપણા બધાની સામૂહિક ઇચ્છા છે. જો કે, છેલ્લા કેટલાક દિવસોમાં આપણા કેટલાક ભાગીદારોએ એવું વલણ અપનાવ્યું હોય તેવું લાગે છે કે સંવાદ તૂટી ગયો છે. જો સંવાદ તૂટી જાય તો કોઈ પણ ગઠબંધન સફળ થઈ શકશે નહીં.' તેમણે દાવો કર્યો કે ૨૦૧૯ માં શિવસેના-ભાજપ જોડાણ તૂટી ગયું કારણ કે બંને વચ્ચે વાતચીત બંધ થઈ ગઈ હતી.

'યોગ્ય સંદેશવ્યવહાર અને સંવાદનો અભાવ ગઠબંધનના તૂટવામાં સીધો ફાળો આપે છે,' એમતેમણે કહ્યું હતું.

ઈન્ડિ ગઠબંધનમાં લગભગ ૩૦ પક્ષો છે અને તે બધા સાથે સંવાદ જાળવી રાખવા માટે કેટલાક જવાબદાર નેતાઓની નિમણૂંક કરવી જરૂરી છે, એમ રાઉતે કહ્યું હતું.

તેમણે એમ પણ કહ્યું હતું કે, ઉદ્ધવ ઠાકરેએ ઈન્ડિ ગઠબંધનોની બેઠકો દરમિયાન વારંવાર આ મુદ્દા પર ભાર મૂક્યો છે અને અન્ય વરિષ્ઠ નેતાઓએ પણ આ મુદ્દો ઉઠાવ્યો છે.

'ઈન્ડિ ગઠબંધને લોકસભાની ચૂંટણી દરમિયાન દેશના રાજકારણમાં નોંધપાત્ર રીતે સારું પ્રદર્શન કર્યું છે અને તે સતત ખીલતું રહેવું જોઈએ. ગઠબંધનમાં સૌથી મોટી પાર્ટી તરીકે, કોંગ્રેસ સૌથી મોટી જવાબદારી ધરાવે છે. કોંગ્રેસે આ ભૂમિકા નિભાવવી જોઈએ,' એમ રાઉતે કહ્યું હતું.

સાથી પક્ષો સામે ચૂંટણી લડવા અંગે, રાઉતે કહ્યું કે એકબીજા સામે ચૂંટણી લડવામાં કંઈ ખોટું નથી.

'દિલ્હી જેવા રાજ્યમાં, દાખલા તરીકે, આપ અને કોંગ્રેસ સ્પર્ધા કરી શકે છે. તેવી જ રીતે, મ્યુનિસિપલ ચૂંટણીઓમાં (મહારાષ્ટ્રમાં) જેમ કે અમે સૂચવ્યું છે, એક અલગ અભિગમ જરૂરી હોઈ શકે છે,' એમ તેમણે કહ્યું હતું.

'જોકે, આવા વિકલ્પો પર વિચાર કરતી વખતે, કોઈએ તેમના ભૂતપૂર્વ અથવા સંભવિત ભાવિ સાથી પક્ષોને ગદ્દાર તરીકેનું લેબલ લગાવવાની હદ સુધી ન જવું જોઈએ. આ ઉદ્ધવ ઠાકરે અને શિવસેના (યુબીટી)નું વલણ છે,' એમ તેમણે ઉમેર્યું હતું.

# સોયાબીન પ્રાપ્તિની મુદત પખવાડિયું લંબાવો: ફડણવીસની કેન્દ્ર પાસે માગ

મુંબઈ: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કેન્દ્રીય કૃષિ પ્રધાન શિવરાજસિંહ ચૌહાણને રાજ્યમાં સોયાબીનની ખરીદીનો સમયગાળો ૧૫ દિવસ વધારવા વિનંતી કરી છે.

રાજ્યના માર્કેટિંગ વિભાગની છેલ્લા ૧૦૦ દિવસની પ્રવૃત્તિઓની સમીક્ષા કર્યા બાદ ફડણવીસે સોયાબીનની મુશ્કેલી વિનાની ખરીદી સુનિશ્ચિત કરવા માટે કાયમી મિકેનિઝમ સ્થાપિત કરવા નિર્દેશ આપ્યો હતો. ફડણવીસે મેગ્નેટ પ્રોજેક્ટ હેઠળ સમૃદ્ધિ એક્સપ્રેસ વે પર એગ્રો હબ સ્થાપવાનું સૂચન કર્યું હતું, એમ મુખ્ય પ્રધાન કાર્યાલયે જણાવ્યું હતું. ગયા વર્ષે વિદર્ભ અને મરાઠવાડા પ્રદેશોમાં મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીના પ્રચાર દરમિયાન સોયાબીનના ભાવનો મુદ્દો ચર્ચાનો મુદ્દો બન્યો હતો. ખેત આગેવાનોએ આક્ષેપ કર્યો હતો કે ૨૦૨૪માં વધુ વરસાદને કારણે રોકડિયા પાકના ઉત્પાદનને અસર થતાં ખેડૂતોને ખુલ્લા બજારમાં ન્યૂનતમ ભાવથી પણ નીચે સોયાબીન વેચવાની ફરજ પડી હતી.

આ બાબતે મુખ્યપ્રધાને સૂચના આપી હતી કે સામાન્ય રીતે નવેમ્બરમાં સુનિશ્ચિત થયેલ સોયાબીન પ્રાપ્તિ માટેની તૈયારીઓ ભવિષ્યમાં ઓક્ટોબર સુધીમાં પૂર્ણ કરવી જોઈએ. તેમણે મહારાષ્ટ્રના ચારેય વિભાગોમાં એગ્રો-લોજિસ્ટિક્સ હબ માટેની દરખાસ્તો સબમિટ કરવાનો પણ નિર્દેશ આપ્યો હતો અને વધતી માંગને ધ્યાનમાં રાખીને ડુંગળીના સંગ્રહ સુવિધાઓની સંખ્યામાં વધારો કરવાના મહત્વ પર ભાર મૂક્યો હતો.

# લોઅર પરેલમાં મૉડેલના ફ્લેટમાંથી પંદર લાખની રોકડ-સોનું ચોરાયાં

મુંબઈ: લોઅર પરેલ વિસ્તારના પૉશ એપાર્ટમેન્ટમાં રહેતી મૉડેલ કર્ણાટકના હુબલીમાં તેના વતનમાં ગઇ હતી ત્યારે તેના ફ્લેટમાંથી પંદર લાખની રોકડ-સોનું ચોરાયાં હતાં.

એન.એમ. જોશી માર્ગ પોલીસે આ પ્રકરણે ગુનો દાખલ કર્યો હોઇ ઘટનાસ્થળ તથા આસપાસના વિસ્તારના સીસીટીવી કેમેરાના ફૂટેજને આધારે આરોપીની શોધ ચલાવાઇ રહી છે.

મૉડેલની નિકિતા બારડ ઇન્ડિયા બૂલ્સ સ્કાય ફોરેન્સ કોમ્પ્લેક્સ ખાતેના એપાર્ટમેન્ટમાં એકલી રહે છે. કર્ણાટકના હુબલીની વતની નિકિતા ૧૨ ડિસેમ્બરે તેના નાના ભાઇ અંકિત સાથે વતનમાં ગઇ હતી. નિકિતા ૯ જાન્યુઆરીએ રાતે ૯ વાગ્યે ઘરે પાછી ફરી હતી અને બીજે દિવસે ચોરી પ્રકાશમાં આવી હતી.

નિકિતાએ કબાટ ખોલતાં તેમાં રોકડ અને દાગીના ગાયબ હોવાનું જણાયું હતું. તેની ગેરહાજરીમાં ફ્લેટમાં ચોરોએ હાથફેરો કર્યો હોવાનું પોલીસને લાગી રહ્યું છે.

પોલીસે આ પ્રકરણે ભારતીય ન્યાય સંહિતાની સુસંગત જોગવાઇઓ હેઠળ ગુનો દાખલ કર્યો હતો. વરિષ્ઠ અધિકારીઓએ ઘટનાની ગંભીર નોંધ લઇ વિગતવાર તપાસનો આદેશ આપ્યો હતો. બીજી તરફ ક્રાઇમ બ્રાન્ચની ટીમ શકમંદોને ઓળખી કાઢવા અને તેમની ધરપકડ માટે સ્થાનિક પોલીસને સીસીટીવી ફૂટેજનું વિશ્લેષણ કરવામાં મદદ કરી રહી છે. અધિકારીઓ સંભવિત કડીઓ માટે ઘરેલું કામગાર અને સ્ટાફની પૂછપરછ કરી રહ્યા છે.

# અકસ્માતમાં રાહદારીએ જીવ ગુમાવ્યાના સાડાછ વર્ષે અંધેરી પોલીસે ગુનો નોંધ્યો!

મુંબઈ: અંધેરી સ્ટેશન નજીક હિટ ઍન્ડ રનના પ્રકરણમાં રાહદારીએ જીવ ગુમાવ્યાના સાડાછ વર્ષે પોલીસે ગુનો નોંધ્યો હતો. કેસની તપાસ થવા છતાં અધિકારીની બદલીને કારણે ગુનો નોંધવાની પ્રક્રિયા પૂરી થઈ શકી નહોતી, પરંતુ વરિષ્ઠ અધિકારીએ આ બાબતને ગંભીરતાથી લેતાં અંધેરી પોલીસે તાજેતરમાં ગુનો નોંધ્યો હતો.

એફઆઈઆર અનુસાર ૨૮ જૂન, ૨૦૧૮ની રાતે કન્ટ્રોલ રૂમમાંથી એક શખસ રેલવે સ્ટેશન નજીક ઈજાગ્રસ્ત હાલતમાં પડ્યો હોવાની માહિતી અંધેરી પોલીસને મળી હતી. માહિતી મળતાં પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. જખમી શખસને કૂપર હૉસ્પિટલમાં દાખલ કરાયો હતો, જ્યાં સારવાર દરમિયાન ૩૦ જૂન, ૨૦૧૮ના રોજ તેનું મૃત્યુ થયું હતું. ઘટનાને પગલે પોલીસે એડીઆર નોંધી તપાસ હાથ ધરી હતી. મૃતકની ઓળખ બાદશાહ તરીકે થઈ હતી. પોસ્ટમોર્ટમના અહેવાલમાં અકસ્માતને કારણે બાદશાહનું મૃત્યુ થયું હોવાનું જણાવાયું હતું. કહેવાય છે કે આ મામલાની તપાસ ઑક્ટોબર, ૨૦૨૨માં પૂરી થઈ હતી, પરંતુ તપાસ અધિકારી અને પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટરની બદલી થતાં ગુનો નોંધવાની પ્રક્રિયા અટકી પડી હતી. હાલમાં આસિસ્ટન્ટ પોલીસ કમિશનર ડૉ. શશિકાંત ભોસલેના ધ્યાનમાં આ મામલો આવ્યો હતો.

# ભત્રીજી પર વારંવાર બળાત્કાર: થાણેના શખસને ૨૦ વર્ષની કેદ

થાણેઃ મહારાષ્ટ્રના થાણે જિલ્લામાં વિશેષ પોક્સો કોર્ટે એક શખસને ૨૦૨૦ માં તેની ૮ વર્ષની ભત્રીજી પર અનેક વખત બળાત્કાર કરવા બદલ ૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારી છે.

ન્યાયાધીશ વી. એલ. ભોસલેએ ૬ જાન્યુઆરીએ પોતાના આદેશમાં જણાવ્યું હતું કે ૫૬ વર્ષના આરોપીને નિર્ધારિત કરતાં લઘુતમ સજા આપવાનું કોઈ કારણ નથી અને તેને પ્રોટેક્શન ઑફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઑફેન્સ (પોસ્કો) એક્ટની સંબંધિત જોગવાઈઓ હેઠળ દોષિત જાહેર કર્યો હતો. કોર્ટનો ચુકાદો પીડિતા અને આરોપીની ઉંમર અને ''યૌન અપરાધ કરવાની રીત અને આરોપીના અત્યંત વાંધાજનક અને શરમજનક વર્તનને ધ્યાનમાં લીધા પછી'' આવ્યો છે. મીરા રોડ વિસ્તારના નયાનગરના રહેવાસી આરોપી પર કોર્ટે ૧,૦૦૦ રૂપિપયાનો દંડ પણ ફટકાર્યો હતો.

કેસની વિગત મુજબ, માર્ચ ૨૦૨૦ માં, પીડિતાની માતાએ તેને અહીં મીરા રોડ વિસ્તારમાં તેની ભાભીના ઘરે મોકલી હતી.

માર્ચ અને જૂન ૨૦૨૦ ની વચ્ચે, તેની ભાભીના પતિએ ઘણી વખત ઘરમાં છોકરી પર બળાત્કાર કર્યો. પીડિતાની માતા, જે ઉત્તર પ્રદેશના પ્રયાગરાજ ગઈ હતી, તે કોવિડ-૧૯ અને લોકડાઉનને કારણે પરત ફરી શકી નહોતી. પીડિતા, તે દરમિયાન, અન્ય સંબંધીના ઘરે ગઈ જ્યાં તેણે તેની આપવીતી જણાવી હતી.

બાળકીની માતા પરત આવ્યા બાદ તેને ગુના વિશે જાણ થઈ જેના પગલે તેણે સ્થાનિક પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદના આધારે પોલીસે આરોપીઓ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની સંબંધિત કલમો અને પોક્સો એક્ટ હેઠળ એફઆઈઆર નોંધી હતી.

ન્યાયાધીશે તેના આદેશમાં એમ પણ કહ્યું હતું કે ગુનાની ગંભીર પ્રકૃતિ અને સગીર પીડિતા પર માનસિક આઘાતને ધ્યાનમાં લેતા, તેને વળતર આપવાની જરૂર છે અને નિર્દેશ આપ્યો છે કે આ કેસને તેના માટે જિલ્લા કાનૂની સેવા સત્તામંડળને મોકલવામાં આવે. (પીટીઆઈ)

# લોકોની ફરિયાદો પછી સિડકો ઘરનાં ભાવ ઘટાડે એવી શક્યતા

મુંબઈ: મુંબઈ કે નવી મુંબઈમાં ઘર હોય તે દરેક મુંબઈકરનું સપનું હોય છે. લોકો તેના આખી જિંદગી સંઘર્ષ કરે છે. મ્હાડા અને સિડકો મુંબઈ અને ઉપનગરોમાં પરવડે તેવાં મકાનો બનાવે છે અને તેનું વેચાણ કરે છે. દરમિયાન છેલ્લા કેટલાક દિવસોથી સિડકોનાં મકાનો વેચવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. પરંતુ સામાન્ય લોકો ફરિયાદ કરતા હતા કે સિડકોનાં મકાનો ખૂબ મોંઘાં છે. આ અંગે સિડકોના ચેરમેન સંજય શિરસાટે મોટી માહિતી આપી છે.

તેમને સિડકોના મોંઘા મકાનો અને તેના વિશે લોકોની ફરિયાદો વિશે પૂછવામાં આવ્યું હતું. તેના પર બોલતા તેમણે સંકેત આપ્યા છે કે સિડકોના મકાનોની કિંમતો ઘટાડવામાં આવશે. તેમણે એમ પણ કહ્યું છે કે તેઓ સિડકોની આકરી શરતોને હળવી કરશે જેથી મરાઠી માણસ શહેરની બહાર ન ફેંકાઈ જાય.

તેમણે સિડકોની ઘર વેચાણ પ્રક્રિયામાં ઘણા મહત્વપૂર્ણ ફેરફારોનો પણ સંકેત આપ્યો છે. શિરાસાટે આપેલી માહિતી મુજબ નીચેના ફેરફારો થવાની શક્યતા છે.

૧) સિડકોના એક મકાનની માલિકી હોય તો પણ બીજું મકાન ખરીદી શકાય માટે તે માટે શરત બદલવામાં આવશે. જો આ ફેરફાર વાસ્તવિકતા બને તો એક જ મકાનમાં સિડકોના એકથી વધુ ઘરો ખરીદી શકાશે.

૨) સિડકોની આવાસ પ્રક્રિયામાં ભાગ લેવા માટે રહેઠાણ પ્રમાણપત્રની જરૂરિયાતને દૂર કરવા માટે પણ વિચારણા કરવામાં આવશે. તેની પાછળનો મુખ્ય હેતુ એ છે કે છેલ્લા ઘણા સમયથી મુંબઈમાં રહેતી વ્યક્તિ સિડકોમાં ઘર ખરીદી શકે.

૩) સિડકોની લોટરીમાં મુદત લંબાવવામાં આવે તેવી શક્યતા છે.

દરમિયાન, સિડકો નવી મુંબઈ વિસ્તારમાં કુલ ૬૭ હજાર મકાનો બાંધવા જઈ રહી છે. હાલમાં ૨૬ હજાર મકાનોના વેચાણની પ્રક્રિયા ચાલી રહી છે. તે માટે મારી પ્રિય સિડકો ઘર યોજના અમલમાં છે. સિડકોનું મકાન ખરીદવા માટે નોંધણી કરવાની છેલ્લી તારીખ ૧૦ જાન્યુઆરીએ પૂરી થઈ ગઈ છે. હવે આગળની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે.

# થાણેની હોટેલમાં આગ: ગૂંગળામણથી બિલાડીનું મૃત્યુ

થાણેઃ થાણેમાં આવેલી હોટેલના પરિસરમાં સોમવારે સવારે ભીષણ આગ લાગી હતી, જેતાં આખી હોટેલ સળગી ગઇ હતી. આગમાં કોઇ જાનહાનિ થઇ નહોતી, પણ ધુમાડાને કારણે ગૂંગળામણથી બિલાડીનું મૃત્યુ થયું હતું. થાણે મ્યુનિસિપલ કોર્પોરેશનના ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલના ચીફ યાસિન તડવીએ જણાવ્યું હતું કે થાણેમાં ઉપવન તળાવની નજીક આવેલી બોમ્બે ડક હોટેલમાં સોમવારે સવારે ૬.૧૫ વાગ્યે આગ લાગી હતી. આગની જાણ થતાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલની ટીમ અને અગ્નિશમન દળના જવાનો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને પાણીનો મારો ચલાવીને સવારે ૭.૪૫ વાગ્યે આગ પર કાબૂ મેળવ્યો હતો.

આગમાં હોટેલનું ફર્નિચર, એર કન્ડિશનર્સ, ટેલિવિઝન સેટ્સ, કમ્પ્યુટર્સ, બાર કાઉન્ટર, ફ્રીજ તથા ઇલેક્ટ્રિકલ વાયરિંગ બળીને ખાક થઇ ગયાં હતાં.

ધુમાડાને કારણે હોટેલની અંદર બિલાડીનું ગૂંગળામણથી મૃત્યુ થયું હતું અને જવાનોને બાદમાં તેનો મૃતદેહ પરિસરમાંથી મળી આવ્યો હતો. હોટેલમાં આગ લાગવા પાછળનું કારણ જાણી શકાયું નહોતું, એમ તડવીએ કહ્યું હતું. (પીટીઆઇ)

# કંપનીના બે ભૂતપૂર્વ કર્મચારીએ ૮.૯ લાખની ઉચાપત કરી

થાણેઃ થાણે જિલ્લામાં ફાઇનાન્સ કંપનીના બે ભૂતપૂર્વ કર્મચારીએ ૮.૯ લાખ રૂપિયાની કથિત ઉચાપત કરતાં તેમની વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. પોલીસના જણાવ્યા મુજબ આરોપીઓએ નવેમ્બર, ૨૦૨૩થી ફેબ્રુઆરી, ૨૦૨૪ દરમિયાન ગ્રાહકો પાસેથી રોકાણ હેતુ પૈસા એકઠા કર્યા હતા. જોકે આ રૂપિયા તેમણે કંપનીના અકાઉન્ટમાં ડિપોઝિટ કર્યા નહોતા, એમ ભિવંડી પોલીસ સ્ટેશનના અધિકારીએ કહ્યું હતું. રૂપિયા કંપનીને પાછા આપવાનું આરોપીઓને કહેવામાં આવ્યું હતું, પણ આરોપીઓ ફરાર થઇ ગયા હતા. આથી કંપનીના અધિકારીએ આ પ્રકરણે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે શનિવારે બંને આરોપી વિરુદ્ધ એફઆઇઆર દાખલ કરવામાં આવ્યો હતો. (પીટીઆઇ)

